# પ્રકરણ:૧૧

# 'ધરતી ખોળે પાછો વળે'-કન્નડ નવલકથામાં નારી છબીનો અભ્યાસ

# પ્રકરણ:૧૧ 'ધરતી ખોળે પાછો વળે'-કન્નડ નવલકથામાં નારી છબીનો અભ્યાસ

'મરાલી મણ્ણિગૈ' નામની કન્નડ નવલકથા સૌપ્રથમ ઇ.સ. ૧૯૪૧માં પ્રકાશિત થઈ. શિવરામ કારન્થ નામના લેખક દ્વારા સર્જિત આ નવલકથાનો ગુજરાતી અનુવાદ ઇ.સ. ૧૯૮૨માં પ્રકાશિત થયો. આ અનુવાદ પ્રભાકાર મંગળવેઢેકર દ્વારા કરવામાં આવ્યો. રામચંદ્ર ગુહા જેમણે 'આધુનિક ભારતના રવીન્દ્રનાથ ટાગોર' તરીકે ઓળખાવે છે, તે શિવરામ કારન્થએ નવલકથા અને નાટક ક્ષેત્રે નોંધપાત્ર સર્જન કર્યું છે. 'મૂકજજ્જીય' નવલકથા માટે તેમણે જ્ઞાનપીઠ એવાર્ડ પ્રાપ્ત થયો છે. આવા સીમાચિન્હ સર્જકે રચેલી 'ધરતી ખોળે પાછો વળે' નવલકથા, દક્ષિણ કન્નડ શૈલીમાં લખાયેલ સાહિત્ય અકાદમી પુરસ્કૃત નવલકથા છે. ત્રણ પેઢીના કુદરત સામેના સંઘર્ષને રજૂ કરતી આ નવલકથાનાં મુખ્ય અને ગૌણ સ્ત્રી પાત્રોની નારી છબીનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

## ૧૧.૧ કથાવસ્તુ:

'ધરતી ખોળે પાછો વળે' નવલકથામાં ત્રણ પેઢીની કથાનો સમાવેશ થાય છે. કોડી ગામે રહેતાં કોદંડ ઐતાળના પુત્ર રામ ઐતાળનાં લગ્નની ઘટનાથી નવલકથાની શરૂઆત થાય છે. ગોરપદું કરનાર રામ ઐતાળના ભરવરસાદે થયેલા લગ્નનું વર્ણન ખૂબ માર્મિક રીતે નિરૂપાયું છે. રામ ઐતાળનું લગ્ન પાર્વતી સાથે થાય છે. પાર્વતી/પારોતી ખૂબ નમ્ર, સુશીલ, દયાળુ અને ભીરુ સ્વભાવની છે. રામ ઐતાળ સાથે તેની વિધવા બહેન સરસ્વતી/સરસોતી પણ રહે છે. પારોતી-સરસોતી ભાભી-નણંદ હોવા છતાં તે બંને વચ્ચે ખૂબ પ્રેમ અને મળતાવળાપણું છે. તે બંને સવારથી સાંજ સુધી ખેતીનું કામ કરે છે, ઈંધણ ભેગું કરે છે , ઢોર અને ઘર સંભાળે છે. એકધાર્યા જીવનમાં બંને સ્ત્રીઓને એકબીજાનો સથવારો છે. રામ ઐતાળ સવારથી ગામે-ગામ ગોરપદું કરવા માટે ફરે છે. સરસોતી વર્ષોથી એકટાણું કરે છે, ઐતાળ બહાર યજમાનને ત્યાં

જમી લે છે તેથી પારોતી પણ મોટે ભાગે એક ટાણું જ જમે છે. રોજિંદા જીવનમાં વરસાદ, પ્રાકૃતિક અને ઋતુગત ફેરફાર અને જમીન પ્રમાણે પાક બદલાયા કરે છે, પણ કામ તો સવાર-સાંજ ખેતીનું જ રહે છે. ક્યારેક સમય મળતાં રામ ઐતાળ બંને સ્ત્રીઓ સાથે ખેતીકામમાં જોડાય છે.

સરસોતી વિધવા છે, તો પારોતી નિઃસંતાન. પારોતી તેની ગોપી ગાય અને વાછરડા સાથે વાતો કરીને પોતાની મમતા દર્શાવે છે અને એકલતા દૂર કરે છે. તે પોતાના વાંઝણાપણા માટે પોતાના નસીબને કોસે છે. બંને સ્ત્રીઓ એકબીજા સાથે વૈરાગ્ય, ભાગવત કથા અને અન્ય ધર્મ ગ્રંથો વિષેની વાતોમાં સમય વ્યતીત કરે છે. પાડોશમાં રહેતાં સૂર અને તેની પત્ની ખેતર ખેડવા જેવા કામમાં ધાન લઈને મદદ કરે છે. સરસોતી ભાઈને સંતાન દત્તક લેવા માટે સલાહ આપે છે. શાલિગ્રામનાં મકરસંક્રાંતિનાં મેળાના સમયે રામ ઐતાળ નવું છાપરું બંધાવીને તૈયારી કરે છે. અને પત્ની અને બહેનની જાણ બહાર પોતાના માટે બીજી પત્નીની વ્યવસ્થા કરી આવે છે. બીજા લગ્ન વખતે પારોતીની મનઃસ્થિતિ દયાજનક છે. બીજી પત્ની સત્યભામા દ્વારા જે સંતાન જન્મે છે તે લક્ષ્મીનારાયણ/લચ્ચા. તેને બાળપણથી પારોતી પ્રેમ કરે છે અને મમતા તેની પર ઢોળે છે, તેનાથી સત્યભામા ઈર્ષ્યા અનુભવે છે. લચ્ચા મોટો થતાં સારી રીતે ભણી શકે તે માટે તેને સમૃદ્ધ મોસાળમાં મૂકે છે. ત્યાં રહીને લચ્ચાનાં સ્વભાવમાં ઘણું પરીવર્તન આવે છે. સત્યભામાને બીજું સંતાન સુબ્બી પણ જન્મે છે. લચ્ચા ધનનો લાલચી બને છે અને મોજ-મજામાં જ પોતાના જીવનનો સંતોષ માને છે. તેની મિત્રતા કુપાત્ર મિત્રો સાથે થતાં તાશ રમવા, ખાવું-પીવું અને છોકરીઓ પાછળ સમય બગાડવામાં તેને આનંદ આવે છે. રામ ઐતાળ શીન મય્યા નામના મિત્ર અને બાદમાં શત્રુ બનતા કપટી પાત્રથી ઈર્ષ્યા અનુભવે છે. બંને જમીન અને મિલકત બાબતે એકબીજાની સરખામણી કર્યા કરે છે.

સુબ્બી અને લચ્ચા યુવાન થતાં બંનેનાં લગ્ન કરાવી દેવાય છે. લચ્ચાની વહુ નાગવેણી સાથે થાય છે. પારોતીનું મૃત્યુ થતાં સરસોતી એકલી પડે છે. વહુ નાગવેણી કોડીનાં એકધાર્યા જીવનથી ટેવાઇ જાય છે. પણ લચ્ચાનો સ્વભાવ ન બદલાતા નાગવેણીને લચ્ચાને કારણે

શારીરિક રોગનો ભોગ બનવું પડે છે. રામ ઐતાળના મૃત્યુ પહેલા તે પોતાની પોણા ભાગની મિલકત વહુ નાગવેણીનાં નામે કરીને જાય છે. જેથી લચ્ચા ગુસ્સે થતાં બધો જ આક્રોશ પત્નીને મહેણાં મારીને ઉતારે છે. શહેરમાં લચ્ચા જલજા સાથે પોતાની વાસનાને સંતોષે છે. લચ્ચા નોકરીને બહાને કેરળ, બળબારી અને બોરિંગપેટ જેવા સ્થળોએ ફર્યા કરે છે. તે ગામ આવતો બંધ થઈ જાય છે. નાગવેણી અને સરસોતી એકલું જીવન ગુજારે છે. થોડા દિવસ ગામ આવતા તે અનેક બહાના બતાવી શહેર જતો રહે છે. બીમારી અને અન્ય બહાને નાગવેણી પાસે તે પૈસા માંગ્યા કરે છે. એક સંતાનના મૃત્યુ બાદ બીજા સંતાનનો જન્મ થાય છે. તેના સંતાનનું નામ નાગવેણી રામ (તેના સાસરાનું નામ) રાખે છે.

રામનો ઉછેર નાગવેણી, સત્યભામા અને સરસોતી કરે છે. સરસોતીને વૈરાગ્યભાવ આવી ગયો છે. નાગવેણી પતિ જીવિત હોવા છતાં વિધવા જેવું જીવન ગાળે છે. એક વખત આત્મહત્યાનો પ્રયાસ પણ કરે છે. થોડા સમય બાદ જ સરસોતી અને ત્યારબાદ સત્યભામા મૃત્યુ પામે છે. લચ્ચા નાગવેણીની બધી મિલકત મહેણાં મારીને પોતાને નામે કરાવીને પાછો શહેર જતો રહેતાં નાગવેણીને ગરીબાઈનું જીવન ગુજારવું પડે છે. એકલી થયેલી નાગવેણી પોતાના ભાઈને ત્યાં રામને લઈને રહેવા જાય છે. ત્યાં નાગવેણી વાયોલિન પણ શીખે છે. રામ યુવાન થતાં ભણવા માટે મદ્રાસ જાય છે. નાગવેણીની ભાભી માલતિને પણ તેમનું ત્યાં રહેવું ન ગમતા માતા-પિતાના મૃત્યુ બાદ નાગવેણી પાછી કોડી રહેવા આવે છે. ગણોતિયા તરીકે જે પૈસા ભાગે આવે તેનાથી પોતાનું જીવન ગુજારે છે. રામ નોકરી કરીને ભણે છે. સ્વતંત્રતાની લડત માટે જોડાતા તેનું એક વર્ષનું શિક્ષણ બગડે છે અને જેલવાસ પણ ભોગવવો પડે છે. અંતે તેનું માસીને ઘરે મદ્રાસ રહી શિક્ષણ પૂરું કરી હોટલ અને ત્યારબાદ મુંબઈ નોકરીની શોધમાં જાય છે. નોકરીનો મેળ ન પડતાં તે પાછો મા પાસે કોડી આવીને રહે છે. અને સરસોતી નામની યુવતી સાથે લગ્ન કરીને, ખેતીકામ કરીને પ્રામાણિક અને મહેનતનું જીવન ગુજારે છે. રામથી રામ સુધી ચક્રાકાર ગતિ ધરાવતી આ નવલકથાનો અંત આવે છે.

## ૧૧.૨ 'ધરતી ખોળે પાછો વળે'-કન્નડ નવલકથામાં મુખ્ય નારી છબીનો અભ્યાસ:

આ નવલકથામાં સરસોતી, પારોતી, અને નાગવેણી એ ચાર મુખ્ય સ્ત્રી પાત્રો છે. જેની છબીનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

### ૧૧.૨.૧ સરસોતી:

આ નવલકથામાં સરસોતી એ રામ ઐતાળની વિધવા બહેન છે. ભારતીય સ્ત્રીઓમાં હોવા જોઈએ તે સર્વ ગુણ ધરાવતી સરસોતી તેની ભાભી પારોતીને દરેક વાતે ખૂબ સાથે આપે છે. પડછાયાની જેમ તે બંને એકબીજાને સહારે જીવે છે. આ સરસોતીને રામ ઐતાળનાં એકલપેટા સ્વભાવને કારણે સામે ઘણી વાર ગુસ્સો આવતા તે ભાઈને સંભળાવીને સરખો કરે છે. વિધવા હોવાથી અને નદી મુખે આવેલા ઘરમાં અને ખેતરમાં કામ કરવાથી તે એકધારા પ્રવાહ ધરાવતાં જીવનથી ટેવાયેલ છે. તે પ્રભુનામ લેવામાં અને પારોતી સાથે વૈરાગ્યની વાતો કરવામાં બાકીનો સમય ગાળે છે. ભાઈ જે પારોતી પત્ની હોવા છતાં ધ્યાન નથી રાખતો, તે પારોતીનાં ખાવા-પીવા-પહેરવા-ઓઢવાનું ધ્યાન સરસોતી રાખે છે.

પારોતી નિઃસંતાન હોવાથી સંતાન દત્તક લઈને તેનું દુઃખ દૂર કરવા માટે સરસોતી ભાઈને સલાહ આપે છે. તે પરંપરાગત નણંદની છબી ધરાવતું પાત્ર નથી. તે ભાભીનું ધ્યાન રાખવામાં, તેને કામમાં મદદ કરવામાં અને તેને ખુશ જોવામાં જ જીવનની સાર્થકતા સાધે છે. રામ ઐતાળનું પુરુષપ્રધાન વર્તન તે સાંખી શકતી નથી. તેથી જ રામ ઐતાળ લગ્ન માટે તૈયારી કરાવી રહ્યા હોવા છતાં તે વિષે કાંઇ ન કહેતા સરસોતી ગુસ્સે થાય છે. "આ ઘરમાં ઉત્સવ છે કે શાંતિપાઠ છે તે ગામના શૂદ્રોના છોકરાઓ પણ જાણે, પણ દિવસ રાત વૈતરું કરતાં ઘરનાં બૈરાઓને કશું કહે નહીં. જો ભાઈને સામે મોંએ પૂછીએ તો તમને બૈરાઓને નકામી પંચાત એવું સંભળાવતા પણ તે ખચકાય નહીં."(પૃષ્ઠ:૫૨-૫૩) તે આ વાતને લઈને ત્રણ દિવસ સુધી તોન્સે

ગામે પણ ચાલી જાય છે. જ્યારે ગરજ માટે રામ તેને પાછી લઈ આવે છે, તે રામ અન્યને મોંએ કહે છે કેઃ "મારી કંઇ એટલી બધી ઈચ્છા નહોતી પણ અપુત્રસ્ય ગતિર્નાસ્તિ એટલે સરસોતીએ ખૂબ આગ્રહ કર્યો...વળી પારોતીએ જીદ પકડી..."(પૃષ્ઠઃ૬૮-૬૯) રામ ઐતાળ પોતાની ઈચ્છાને ઘરની સ્ત્રીઓની જીદ ઠસાવીને કેવો દંભ કરે છે તેનું આ ઉદાહરણ છે.

લગ્ન સમયે સાડી અને ઘરેણાં પારોતી માટે પણ ખરીદવા માટે સરસોતી ભાઇનું ધ્યાન દોરે છે. આમ, સરસોતીમાં કોઈ વ્યક્તિગત સ્વાર્થ નથી. તેને માત્ર ભાભી માટે ચિંતા અને કાળજી છે. રામ ઐતાળ પારોતી માટે એક રૂપિયાની અને સત્યભામા માટે બે રૂપિયાની સાડી લે છે-આ પક્ષપાત પણ સરસોતીને ખટકે છે. આ પ્રકારના ભેદભાવ સામે તેને અણગમો પેદા થાય છે. શીનમય્યા જેવા કપટી પડોશીના સ્વભાવને પણ તે સારી રીતે ઓળખી જાય છે. તે પૈસા પડાવી લે છે ત્યારે તે કહે છેઃ "પારોતી! જોયું હમણાં જ ઘરમાં આવેલી આ નવી વહુ સગીબહેન કરતાં પણ ચઢી ગઇ. જવા દે મારે શું? વહુની વાત માની પૈસા ધીર્યા હશે. અહીં રોજ આવી આવીને એ રોજ તેનાં, તેની દાળનાં ને રસોઈનાં વખાણ કરતો હતો. વખાણ કરી કરીને માથે ચઢાવી દીધા, હવે તે નીચા પાડશે."(પૃષ્ઠઃ૧૦૬) મનુષ્યની પારખું સરસોતીનું શીનમય્યા વિષેનું મંતવ્ય સાચું પડે છે. તેને રામના દીકરા લચ્ચાનાં જલજા સાથેના સંબંધની શંકા પણ જાય છે. તેથી તે પ્રસંગે પણ તે લચ્ચાને વાળવા માટે ભાઈ રામને તેનાં લગ્ન કરાવી દેવાની સલાહ આપે છે. એ પણ ખોડ ખાંપણ વગરની, ગોરી, રૂપાળી છોકરી સાથે. આમ, સરસોતી એ પારોતી, રામ, લચ્ચા, સત્યભામા અને શીનમય્યા જેવા દરેક પાત્રોનાં સ્વભાવ અને વર્તણૂંકની જાણકાર છે. તે માત્ર બાહ્ય વર્તન નહીં, આંતરિક ગડમથલોને પણ સમજી જાય છે.

પારોતીના મૃત્યુ બાદ સરસોતીનું જીવન એકલવાયું બની જાય છે. પેટછૂટી વાત કરવા માટે હવે તેની પાસે કોઈ સાથી ન હોવાથી તેને સંપૂર્ણ વૈરાગ્ય આવી જાય છે. તે ઘરના પણ કોઈ મામલામાં દખલ દેતી નથી. રામ ઐતાળના મૃત્યુ સમયે પણ એ લાગણીવિહીન થઈ જાય છેઃ "તે દિવસે એક ટીપું પણ આંસુ ન સારનારી વ્યક્તિ એક જ હતી અને તે સરસોતી. તેનાં આંસુ સુકાઈ ગયા હતાં, તેની જીભ તો પહેલેથી જ બંધ થઈ ગઇ હતી."(પૃષ્ઠઃ૨૨૧) તે

જીવનના ઉત્તરાર્ધમાં બિલકુલ આશાવિહીન બની ગઇ છે. નાગવેણીના પહેલા ગર્ભની વાત સાંભળતા તે કહે છે, તેમાં સ્ત્રીના અભિશપ્ત જીવનની કરુણતા રજૂ થઈ છેઃ "બેટા, તું ગમે તે કહે પણ પૂરવ જનમના કોક પાપે જ આ સ્ત્રી અવતાર મળે છે. આ અવતારમાં આપણે તો નરક જ ભોગવવાનાં, સુખ તો જરાય ન મળે."(પૃષ્ઠ:૨૩૦) સરસોતીનું સંપૂર્ણ જીવન જોતાં તેનાં સુખના કોઈ એંધાણ નથી દેખાતા, તેથી તેનો આ વિચાર સ્વાભાવિક લાગે છે.

સિત્તેર વર્ષની સરસોતી જીવનના અંત સમયમાં કાશી યાત્રાએ જાય છે. તે સમયે રેલવે આવી જતાં ભારતમાં તે સમયે થઈ રહેલા પરિવર્તનનો ખ્યાલ આવે છે. વૃદ્ધત્વને કારણે સંપૂર્ણ અંધ બની જતી સરસોતીનું મૃત્યુ થાય છે. સરસોતી એક એવી ભારતીય વિધવા સ્ત્રીની છબી રજૂ કરે છે જે અન્ય સ્ત્રીઓ-પહેલાં પારોતી અને બાદમાં નાગવેણીનો બધી જ પરિસ્થિતીમાં સાથ આપે છે. તેનામાં સ્વાર્થ, સ્ત્રી-ઈર્ષ્યા અને કઠોરતાનો સંપૂર્ણ અભાવ છે. તેનો ધ્યેય બીજાની કાળજી લેવી અને બને તેટલી સહાય કરવી તે છે. તેમાં જ જીવન વ્યતીત કરે છે. ધર્મ અને વૈરાગ્ય તેનો આધાર છે. તેનાં જીવનમાં બહુ ઝાઝા ઉતાર-ચઢાવ પણ નથી આવતા. આમ, સહાયક સ્ત્રી પાત્ર તરીકે તેની છબી નવલકથામાં મહત્ત્વની છે.

## ૧૧.૨.૨ પારોતીઃ

પારોતી એ રામ ઐતાળની પત્ની છે. નારાયણમય્યાની દીકરી પારોતી લગ્ન કરીને આવે છે ત્યારે નિખાલસ સ્વભાવની હોય છે. પરંતુ, પતિનું તેના પ્રત્યેનું વર્તન અને વંધ્યત્વનું દુઃખ તેને નિરાશ બનાવી દે છે. તેથી તે પોતાનો આધાર સરસોતી સાથે ઘરકામ, ખેતીકામ અને ગાયો સાથે વાતો કરીને મેળવે છે. પ્રકૃતિ સાથેનું આ નવલકથાના પાત્રોનું તાદાત્મ્ય સુંદર છે. જે ભારતીયતાને ઉજાગર કરે છે.

રામ ઐતાળ દરિયામાંથી એક વખતે થડ (બળતણ માટે લાકડું)ને બદલે પાડાનું મડદું પકડતાં નિખાલસ ભાવે હસી હતી. તેનાં બદલામાં રામે તેને મારી હતી. આવી નાની વાતે

પતિની પ્રતિક્રિયા જોઈ તે નાની-નાની વાતે અપરાધભાવ અનુભવે છે. તે ભોળી, દયાળુ, કામમાં કુશળ, પતિ પરાયણ, પ્રકૃતિ-પ્રેમી અને સંતાનથી વંચિત સ્ત્રી છે, જે નણંદ સરસોતીના પડછાયાની જેમ સાથને આધારે જીવન વ્યતીત કરે છે. પતિ સાથેના તેનાં સંબંધની લેખકે ઘણે પ્રસંગે પ્રતીકાત્મક રીતે રજૂઆત કરી છે. પારોતીના વંધ્યત્વ અને ગાય એક પછી એક વાછરડાને જન્મ આપે છે, તે વિરોધાભાસ રચીને પણ લેખક પારોતીની વ્યથાને તિર્યક બનાવે છે. સરસોતી અને પારોતીનાં 'Sisterhood'ને લઈને શિરીષ પંચાલ કહે છે કેઃ "અહીં નણંદ ભોજાઈ છે પણ લોકપરંપરામાં જોવા મળતાં જાતિચિત્રો નહીં; આ તો સગી બહેનોથી વિશેષ, માદીકરીથી વિશેષ એવી પરસ્પર માટે ઉષ્મા ધરાવતા નણંદ ભોજાઈ. ભાભી સૂકાઈને લાકડા જેવી થાય તો ભેંસ ખરીદવાની સલાહ ભાઈને આપતી નણંદ અને નણંદ ઉપવાસ કરે તો બળજબરીથી પાપડ જેવું ખવડાવતી ભાભી. આવા પાત્રોની સામે મગનું નામ મરી ન પાડે, પોતાના મનની વાતનો અણસાર કોઈ કરતાં કોઈને આવવા ન દે તથા કરકસર કરી કરીને, કેટલા પૈસા ક્યાં એકઠા કર્યા છે એની પણ કોઈને જાણ ન કરે એવા રામ ઐતાળ."૧

પારોતી અને રામ ઐતાળ વચ્ચે એવો કોઈ સંવાદ નથી થતો જેને કારણે દાંપત્ય જીવનનો સહેજ પણ ટેકો મળે. રામ ઐતાળને તો તે નિઃસંતાન છે તેથી પોતાના નસીબમાં ત્રણ સંતાનનો યોગ હોવાથી તે સંતાન દત્તક ન લેતા, સત્યભામા જોડે બીજા લગ્ન કરે છે. તેની માટે પારોતી સાથે સંમતિ તો છોડો, જાણ પણ નથી કરતો. પારોતીની ચૂપીને તે આ રીતે અર્થઘટિત કરે છે, તેમાં તેનો દંભ છતો થાય છેઃ "અમારે ત્યાં એક વ્યક્તિનો જ અવાજ. પતિ કંઇ કહે અને પત્ની કંઇ કરે એવું ક્યારેય બન્યું નથી." (પૃષ્ઠઃ૬૨) ભારતીય સમાજમાં શાંત કે અન્યાય પ્રત્યે ચૂપ રહેતી સ્ત્રીનું ગૌરવ કરી કેવું 'Glorified' રૂપ આપવામાં આવે છે, તેનું આ દૃષ્ટાંત છે.

રામના બીજા લગ્નના સમયે પારોતીને તો પતિએ તેની સાથે ઘરેણાં અને કપડાની બાબતે કેવો ભેદભાવ કર્યો છે તેનું તો ધ્યાન જ નથી. સરસોતી દ્વારા તે ઘટના ધ્યાનમાં આવે છે. પારોતીને પતિના બીજા લગ્ન સમયે ઘણું દુઃખ થાય છે. તેને પોતાનું લગ્ન પણ યાદ આવે છે. તે વિચારે છેઃ "હું વાંઝણી જ રહીને! હવે સુખની શી આશા? ઘરમાં શોક્ય આવે પછી સુખ

શેનું? તે આવશે પછી અમારા બંને વચ્ચે કલેશ નહિ થાય? હું ગમે તેટલી શાંત રહું અને સહન કરું, પણ તે મારી સાથે મોટી શોક્ય સાથે સરખી રીતે વર્તશે તેની શી ખાત્રી? પતિનો પ્રેમ મારા પરથી ઓસરી તેના પર નહીં ઢળે?" (પૃષ્ઠ:૭૩) તેની આ ધારણા એક અંશે સાચી પડે છે. ઘરનું અને ખેતરનું કામ તો મોટે ભાગે સરસોતી અને પારોતી કરી લેતા તેને ભાગે માંડ કામ આવે છે. પરંતુ, સત્યભામાનો પુત્ર જન્મે છે ત્યારે પારોતીના તેની પ્રત્યેના અપાર સ્નેહને કારણે પુત્ર લચ્ચા પણ મોટી માની વધુ નિકટ આવે છે. જે વાતથી સત્યભામા ઈર્ષ્યા અનુભવે છે. જેને કારણે પારોતી અને સત્યભામા વચ્ચેનું અંતર વધતું જાય છે. જે સંતાનથી વંચિત છે તે જ પોતાની મમતાને શોક્યના પુત્ર પર ઢોળી શકતી નથી, તેમાં જ પારોતીના જીવનની વધુ એક કરુણ સ્થિતિ જન્મે છે. પતિ રામ પણ તેના અને સત્યભામા વચ્ચે ભેદભાવ કરે છે, જેને કારણે તે પતિ અને પુત્રથી વંચિત એવી સ્થિતિમાં આવીને મુકાઇ જાય છે. જે એક વિધવાની સ્થિતિ જેવી જ છે. સંતાન વિના સ્ત્રીનું તે સમયે જે સ્થાન હતું અને જે અવમૂલ્યન થતું તેનો ચિતાર લેખકે પારોતીના પાત્ર દ્વારા આપ્યો છે. જેવી રીતે શોક્ય આવતા પતિથી દૂર થઈ ગઇ, એ જ રીતે સત્યભામાને તેની મમતાથી ઈર્ષ્યા થતાં તે લચ્ચાથી પણ જાણી જોઈને દૂર થવા માંડે છે. તેનું આ વ્યક્તિત્વ તેનાં મૂકપણાને વ્યક્ત કરે છે. તેની વ્યથાને તે બોલકી બનાવતી નથી. તેથી જ સરસોતીની તેનાં પ્રત્યેની સહાનુભૂતિ છેક સુધી જળવાયેલી રહે છે અને તે પારોતી સાથેના અન્યાયને ભાઈ સમક્ષ વાચા આપે છે.

પારોતી એટલી પતિ પરાયણ છે કે, મૃત્યુ સમયે પણ તેની અંતિમ ઈચ્છા પતિના ખોળામાં છેલ્લા શ્વાસ લેવાની છે. રામ તેની એ ઈચ્છા પૂરી કરે છે. સાથે સાથે પારોતીનું વ્યક્તિત્વ અંતે એટલું સશક્ત બને છે કે રામે પારોતી સાથે કરેલા અન્યાયનો તેને પસ્તાવો થાય છે: "મેં તારા ઉપર ખૂબ ત્રાસ ગુજાર્યો છે."(પૃષ્ઠ:૨૦૫)

પારોતી એક ભારતીય સ્ત્રીની છબીને સારી રીતે ઉદ્‌ઘાટિત કરે છે. તે એટલું નિર્મળ વ્યક્તિત્વ ધરાવે છે કે તેને પરિસ્થિતીજન્ય થોડા સમય માટે (temporary) દુઃખ થાય છે, પરંતુ તેને કોઈ પણ પાત્ર સામે સળંગ ફરિયાદ નથી. તે પોતાના જીવનને નિયતિ પર છોડીને જીવનારી

સ્ત્રી છે. પુરુષાર્થ તેનાં વ્યક્તિત્વનો સાચો આધાર છે. પ્રકૃતિ સાથેનું તેનું તાદાત્મ્ય તેની મમતાને જીવિત રાખે છે. રામ ઐતાળથી વિરુદ્ધ સ્વભાવનું આ પાત્ર સૌનું માન જાળવીને જીવનારું પાત્ર છે. ત્યાં સુધી કે સૂર અને તેની પત્ની સાથે પણ તેનું વર્તન અતિનમ્ર છે. એક નાના ગામના પરિવેશમાં, એકધારા પ્રવાહમાં જીવી જઈને પણ તે મહાનતા ધરાવનાર પાત્ર બની રહે છે. તેનામાં પતિના અન્યાય સામે પ્રતિકાર કે વિદ્રોહનો સૂર ન હોવા છતાં તે પતિને પસ્તાવાની પ્રતીતિ કરાવે તેવું પાત્ર છે.

## ૧૧.૨.૩ નાગવેણીઃ

નાગવેણી રામ ઐતાળના પુત્ર લચ્ચાની પત્ની છે. ઐરોડીના વકીલની પુત્રી નાગવેણીનું ૧૨ વર્ષની વયે લચ્ચા સાથે લગ્ન થાય છે. જલજાની પાછળ પડેલા લચ્ચાને માટે તેનું નાગવેણી સાથે લગ્ન કરાયું હતું. તેના લગ્ન સમયે પણ રામ ઐતાળના લગ્નની જેમ વરસાદનો માહોલ ઊભો કરીને લેખકે પુનરાવર્તન દ્વારા આ બંનેનું દાંપત્યજીવન પણ રામ અને પારોતી જેવું જે હશે તેના એંધાણ આપ્યા છે. નાગવેણી પણ અભ્યાસ કરે છે. લચ્ચા વકીલાત ભણવા માટે મદ્રાસ જાય છે, ત્યારથી લચ્ચાનો સ્વભાવ પુનઃ પહેલાં જેવો જ થઈ જાય છે. દોસ્તો, તાશ, વ્યભિચાર, ખાણી-પીણી એ જ તેનું રોજિંદા જીવન બને છે. સસરાએ બંધાવેલ નવનિર્મિત મકાનમાં નાગવેણી કોડી ગામે પતિવિહોણું જીવન ગુજારે છે. લચ્ચાની વ્યભિચારી આદતને કારણે ગામ આવતા તેનો જાતિય રોગ સંસર્ગથી નાગવેણીને લાગે છે. ત્યારે નાગવેણીની લાગણી આ પ્રમાણે છેઃ "નાગવેણીને લાગ્યું કે લચ્ચા તેના જીવનનો સર્વનાશ કરનાર એક પશુ છે." (પૃષ્ઠ:૨૧૭) નિર્દોષ નાગવેણીને પતિના રોગનો ભોગ બનવું પડે છે. તે પતિને પત્ની તરફની કોઈ પણ લાગણી, કર્તવ્ય કે ફરજનું ભાન નથી. તેને મન તે માત્ર ભોગવિલાસનું એક રમકડું (Toy for Pleasure) છે.

નાગવેણી સસરા, સરસોતી અને સત્યભામાનું ધ્યાન રાખે છે. પુત્રવધૂ ઘરનું દરેક કર્તવ્ય બજાવે છે. તેના પિયરમાં આવું દુઃખ ન જોયું હોવા છતાં તે વિકટ પરિસ્થિતીમાં પિયર ભાગી

જતી નથી. તેના જ કારણે તે ઘરનો સહારો બને છે. રામ ઐતાળ પોતાની સંપત્તિમાંથી પોણો ભાગ મૃત્યુ પહેલાં નાગવેણીને નામે કરે છે. તેમાં રામ ઐતાળની પ્રગતિશીલ છબી દેખાય છે. લેખક લખે છેઃ "નાગવેણી ઐતાળનો દીકરો બની ગઈ." (પૃષ્ઠઃ૨૧૮) તે શિક્ષિત છે, સમૃદ્ધ ઘરની દીકરી છે છતાં અહંકારવિહીન અને નમ્ર છે. તેનું જીવન પારોતીના જીવન સાથે સામ્ય ધરાવે છે. તે પણ ધણીની હયાતીમાં વિધવાનું જીવન ગુજારે છે. લચ્ચાના કારણે તેને જે બીજો પુત્ર જન્મે છે, તેને યકૃતની માંદગી લાગુ પડતાં તે પણ છ માહિનામાં મૃત્યુ પામે છે. તેના જીવનનો કરુણ રસ આમ ઘેરો બનતો જાય છે. જે લચ્ચા વારે ઘડીએ તેને ગામ એકલી છોડીને ચાલ્યો જાય છે અને ગરજ પડે ત્યારે કોઈ પણ બહાને પૈસા મંગાવે છે, તે લચ્ચા પર નાગવેણી ગુસ્સે થતાં લચ્ચા તેને સંભળાવે છે કેઃ "નવો પતિ મળે પછી જૂના પતિની શી કિંમત?"(પૃષ્ઠ:૨૪૫) વ્યભિચારી પુરુષ થઈને તે નાગવેણી પર શંકા કરે છે. પુરુષની સ્ત્રીઓને પોતાની ભૂલ હોવા છતાં ગ્લાનિ(Guilt)નો અનુભવ કરાવવાની ટેવ એ પુરુષસત્તાક સમાજનો આડંબર રજૂ કરે છે. કારણકે, પુરુષના વ્યભિચારને લઈને કોઈ સખ્ત વલણ સમાજમાં નથી પ્રવર્તતું. જ્યારે સ્ત્રીનો વ્યભિચાર એ સીધા તેના ચરિત્ર ઉપરાંત, ઘર-પરિવારની આબરૂ જેવા અન્ય કેટલાંય સંદર્ભોથી જોડી દેવામાં આવે છે. ઘરમાં શાંતિપાઠ બાદ નાગવેણીને ફરી એક વાર ગર્ભ રહીને પુત્ર જન્મ થાય છે-રામ. લચ્ચા ત્યાં સુધી તો બધી મિલકત પોતાને નામે કરી દે છે. તે નાગવેણી પાસે આર્થિક સહારો પણ નથી રહેવા દેતો. અર્થ(Finance) સાથે ઇજ્જત(Respect) જે રીતે જોડાય છે તેનો પણ પરિચય લેખક આપણને કરાવે છે.

એક વખતના આત્મહત્યાના પ્રયાસ બાદ જીવી જતાં, પતિ છોડીને ગયો હોવા છતાં તેને જીવવાની હઠ છે. પુરુષાર્થને તે પારોતીની જેમ પોતાનો સથવારો બનાવે છે. જેને કારણે તેનું વ્યક્તિત્વ મહાનતા તરફ પહોંચે છે. પારોતી-સરસોતી, સરસોતી-નાગવેણી અને સત્યભામા-નાગવેણીનો ઋણાનુબંધ સુંદર રીતે દર્શાવાયો છે. અહીં સ્ત્રી એકબીજાની દુશ્મન નથી, સહાયક છે, જીવવાની આશા છે. જેમ, પારોતીને ગાયો ક્યંપી, ચંપી અને ગોપી સાથે તાદાત્મ્ય હતું, તેવી રીતે નાગવેણીને કાળી અને કપિલા સાથે તાદાત્મ્ય છે. સરસોતી અને સત્યભામાના મૃત્યુ બાદ નાગવેણી ભાઈના ઘરે રામને ભણાવવા માટે શહેરમાં જાય છે, ત્યાં તે કળા અને ભક્તિ તરફ

વળે છે. ગીતા અને રામકૃષ્ણ પરમહંસના પુસ્તકોનું વાંચન, વાયોલિન વાદન અને નવલકથાઓ વાંચી તેની બુદ્ધિ પ્રમાણે તે તેનું મૂલ્યાંકન કરે છે. ગામે તે જે કામકાજમાં પરોવાયેલી રહેતી તે ભાઈના ઘરે થોડો મુક્ત સમય મળતાં તે પોતાની ગમતી પ્રવૃત્તિ કરી શકે છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓમાં કળાઓ અને કૌશલ્ય ઘરકામ જેવી રોજીંદી-બિનવિત્તીય (non-financial) કામગીરીને સુષુપ્ત અવસ્થામાં રહી જાય છે તે વાતને પણ અહીં વણી લેવામાં આવી છે.

નાગવેણી અને સૂરના ઘરની વહુ લચ્ચી સરખી ઉંમરના હોવા છતાં શારીરિક વૈતરુ કરવાને કારણે બંને વચ્ચે દેખાવ અને ઉંમરનો કેવો તફાવત છે તેના દ્વારા પણ જુદા-જુદા વર્ગની સ્ત્રીઓની સ્થિતિ પણ દર્શાવી છે. આ નવલકથાના દરેક વર્ગના સ્ત્રી અને પુરુષ પાત્રો આર્થિક રીતે સદ્ધર થવા માટે પુરુષાર્થ કરે છે, તેમની વેદનાનો સૂર સમાન બને છે. તે માટે શિરીષ પંચાલ કહે છેઃ "બીજા શબ્દોમાં જાતિચિત્ર હોવા છતાં તેમનામાં વૈયક્તિકતા ખાસ્સી એવી માત્રામાં જીવા મળે છે. આને કારણે તેમને એક વિશિષ્ટ પ્રકારની ગરિમા પ્રાપ્ત થાય છે; એ સાવ સામાન્ય મટી જઈને અસાધારણ તેજથી ઝળહળ થઈ ઊઠે છે. એમ લાગે છે કે અહીં કોઈ બ્રાહ્મણ નથી, કોઈ શૂદ્ર નથી, માત્ર માનવી છે."૨

ભાભી માલતિને ભાઈના ઘરે નાગવેણી અને રામ રહે તે ગમતું નથી, તેને કારણે રામ મદ્રાસ ભણવા જતાં નાગવેણી પાછી કોડી આવીને રહે છે. જે સ્ત્રીનો પતિ કોઈ પણ કારણોસર સાથે ન હોય અને તેની પાસે વિત્તીય સ્વતંત્રતા (Financial Freedom) ન હોય તેની કેવી કફોડી હાલત થાય છે, તે સ્થિતિને પણ લેખકે વેધકતાપૂર્વક દર્શાવી છે. નાગવેણી રામ ભણે છે ત્યાં સુધી સૂર અને લચ્ચીની મદદથી ખેતીકામ કરે છે અને જે કાંઇ પણ પૈસા આવે તેના દ્વારા પોતાનું જીવન ગુજારે છે. સ્વતંત્રતાના વિચારો રામમાં પ્રવેશતાં જ્યારે રામ જેલમાં જાય છે ત્યારે નાગવેણીને ખૂબ દુઃખ થાય છે. જ્યારે એક-એક દિવસનું જીવવું (Survival) અઘરું હોય ત્યારે, આઝાદીનો વિચાર કેવો સ્વપ્ના જેવો લાગે છે તેનું લેખકે માર્મિકતાથી દર્શન કરાવ્યું છે. અંતે

રામ મા પાસે મુંબઈથી પાછો આવી કોડી ગામે જ રહે છે, તેમાં તે બંનેનું પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય અને પૂર્વજો સાથેનું ઋણ કેવું સઘન છે તે દર્શાવીને લેખકે ભારતીય નવલકથામાં એક ઉત્તમ નવલકથા આપીને નોંધપાત્ર ફાળો આપ્યો છે.

નાગવેણી એ કોઈ પણ સંજોગો સામે ઝઝૂમીને એકલે હાથે જીવતી સ્ત્રી છે. પુરુષાર્થ તેનો સથવારો છે, તો પુત્ર રામ તેના જીવવાનો ઉદ્દેશ્ય છે. ઘરકામ અને પુરુષાર્થમાં જીવન ભારતની મોટા ભાગની સ્ત્રીઓનું જીવન કેવી રીતે વ્યતીત થઈ જાય છે-તે વાતને અહીં તિર્યકરૂપે દર્શાવી છે. આ સંદર્ભે ભારતી પરીખ નોંધે છેઃ "એથીય વિશેષ ડૉ. કારન્થનું લક્ષ્યવેધી પાત્રાલેખન, તેમનાં સ્ત્રી પાત્રોનું, સ્ત્રીના જીવનની પરિસીમા પતિના ઘરની રખરખાવમાં ને ઘરની નાની મોટી જવાબદારીઓનું વહન કરવામાં તેના સમગ્ર અસ્તિત્વની ઈતિ શ્રી આવી જાય છે તે લેખકે સુંદર રીતે ઝીલ્યા છે."૩

## ૧૧.૩ 'ધરતી ખોળે પાછો વળે'-કન્નડ નવલકથામાં ગૌણ નારી છબીનો અભ્યાસ:

આ નવલકથામાં સત્યભામા, સુબ્બી અને કૃષ્ણવેણી જેવા ગૌણ સ્ત્રી પાત્રો છે. આ ઉપરાંત, સૂરની પત્ની, લચ્ચી, જલજા, વાગદેવી, ચંદુ, રાજીવી, સંજીવી, ચિદા, માલતી, લલિતા, નોવા, શાંતુ, સીતા, પાર્વતી, જાનકી, સરસ્વતી-જેવા પાત્રોના વિવિધ ઘટનામાં નામોલ્લેખ માત્ર આવે છે.

### ૧૧.૩.૧ સત્યભામા:

સત્યભામાનું પાત્ર આ નવલકથામાં એક સામાન્ય સ્ત્રી પાત્ર તરીકે આવે છે. પારોતી નિઃસંતાન હોવાને કારણે રામ ઐતાળની બીજી પત્ની સત્યભામાનું પાત્ર નવલકથામાં પ્રયોજાયું

છે. લચ્ચા અને સુબ્બી બે સંતાન આપવા સિવાય આ પાત્રનું કોઈ ખાસ પ્રયોજન નથી. અલબત્ત, પારોતી અને સરસોતીના જીવનમાં પરીવર્તન માટેનું તે એક કારણ બને છે. જેને કારણે નવલકથાનો એકધાર્યો પ્રવાહ આગળ વધે છે. 'જનમ દેનાર મા હું અને કેડે લઈને ફરે એ."(પૃષ્ઠ:૧૧૨) લચ્ચા પારોતીની નિકટ જતાં સત્યભામા જે ઈર્ષ્યા અનુભવે છે, તેનાથી બે શોક્ય વચ્ચેનું વૈમનસ્ય દર્શાવાયું છે. તેના આગમન બાદ નવી વહુ તરીકે તેનું મહત્વ અને પારોતીનું અવમૂલ્યન દર્શાવવા માટે પણ તે મહત્વનું પાત્ર બની રહે છે. જેના દ્વારા પુરુષપ્રધાન સમાજની બહુપત્નીત્વની પ્રથામાં 'માનીતી'અને 'અણમાનીતી' નો જે વિચાર છે તેને લેખક છતો કરે છે. સમૃદ્ધ પિયર હોવાને કારણે પણ સ્ત્રીને કેવું માન મળે છે, તે વાત લેખકે સત્યભામા અને નાગવેણીનાં પાત્રો દ્વારા દર્શાવ્યું છે. આમ, સત્યભામાનું પાત્ર નવલકથામાં એક સહાયક પાત્ર (Supporting Character) તરીકે ઘણું મહત્વનુ છે, જેના દ્વારા પારોતી, સરસોતી અને નાગવેણીનાં પાત્રને બખૂબી રીતે સમજી શકાય છે.

## ૧૧.૩.૨ સુબ્બી:

સુબ્બી સત્યભામાનું બીજું સંતાન છે. લચ્ચા બાદ થતી સુબ્બીને પારોતી અને સરસોતીનો પ્રેમ મળે છે. લચ્ચા સત્યભામાને પિયર ભણવા માટે રહેતો હોવાથી એક સુબ્બી જ ઘરનાં સૌની ખુશી બની રહે છે. સુબ્બી બાર વર્ષની થાય છે ત્યાં સુધી ઐતાળ તેને પરણાવતો નથી. તે સંદર્ભે શીન જેવા ઇર્ષ્યાળુ દ્વારા બોલાયેલ શબ્દો તે સમયના કન્નડ અને ભારતીય સમાજની છબી દર્શાવે છે: "સુબ્બી તો ભેંસ જેવી વધી છે. તે નહાતી ધોતી થશે પછી જ અંગ્રેજ ઐતાળ તેને પરણાવશે."(પૃષ્ઠ:૧૫૬) પ્રગતિશીલ માનસનો વિરોધ સમાજમાં થતો આવ્યો છે, તેનું આ એક ઉદાહરણ છે.

## ૧૧.૩.૩ કૃષ્ણવેણી

કૃષ્ણવેણી નાગવેણીની બહેન છે. રામનાં મદ્રાસના અભ્યાસ દરમિયાન તે રામને કોઈ પણ જાતના સ્વાર્થ કે અચકાટ વિના પોતાને ત્યાં રાખે છે. તે સ્વભાવે પ્રામાણિક, મમતામયી અને નિખાલસ છે. ભાઈ સદાશિવની પત્ની લલિતાની જેમ રામને તે ઈચ્છા વિના નથી રાખતી. રામના સ્વાભિમાનને કારણે તે જે પૈસા રામની ઈચ્છાથી રહેવા અને ખાવાના પેટે લે છે, તે બધા તે નાગવેણીને ગામડે મોકલીને તેની બહેનને મદદગાર બને છે. ઉદારતા અને મદદગાર એવું પાત્ર-કૃષ્ણવેણી નવલકથાના ઉત્તરાર્ધમાં આવતું પાત્ર છે. તેમ છતાં આ નવલકથામાં એકબીજાને સહાયક બનતા સ્ત્રી પાત્રોમાં ઉમેરણ કરતું એક સ્ત્રી પાત્ર છે.

## ૧૧.૪ ઉપસંહાર:

દર્શક જેને 'માતૃમહિમ્ન સ્તોત્ર' તરીકે ઓળખાવે છે તે નવલકથામાં ભારતીય માનવીનું ઉત્કૃષ્ટ દર્શન છે. એકધાર્યા પ્રવાહમાં પણ ખુમારીપૂર્વક જીવનની દરેક તકલીફોને બોલકી બનાવ્યા વિના, ફરિયાદ વગર જીવતા પાત્રો જીવનનું વાસ્તવિક સત્ય રજૂ કરે છે. ભારતી પરીખ નોંધે છે: "સત્યના આ પ્રકારના આલેખનમાં ટાગોરની પરંપરાનું અનુસરણ દેખાય છે."૪ ઝાઝા પરીવર્તન વિનાની ત્રણ પેઢીની આ કથા ચક્રાકાર ગતિ ધરાવે છે. રામ અને સરસોતી નામના પાત્રો ત્રીજી પેઢીએ પુનરાવર્તિત થતાં જીવનની પરિસ્થિતી પણ પુનરાવર્તિત થાય છે. અલબત્ત, કોડી ગામ અને તેની બહારનાં શહેરોમાં અનેક પરિવર્તનો આવી ગયા છે. તેમ છતાં સમસ્યા એકને બીજું રૂપ લે છે પણ સરખી જ લાગણી પેદા કરે છે. કાવ્યાત્મક ગદ્ય શૈલીને કારણે પ્રકૃતિનાં વર્ણનો ભાવક પર અદ્ભૂત છાપ ઊભી કરે છે. આ ઉપરાંત, શીનમય્યા જેવા કુટિલ પાત્રો, રામ ઐતાળના લગ્નનું વર્ણન અને અન્ય ઘટનાઓમાં પ્રયોજાયેલ હાસ્ય (Humour) નવલકથાનું સૌંદર્ય વધારે છે.

નવલકથાના સ્ત્રી પાત્રો ભારતીય સમાજની વાસ્તવિકતા રજૂ કરવામાં યોગ્ય જણાય છે. સ્ત્રી પાત્રો એકબીજાને સહાયક અને જીવવાનો આધાર પૂરો પાડે છે. આ સંદર્ભે જોઈએ તો, પાત્રોમાં પ્રયોજાયેલ ગુણો બોદા નહીં, વાસ્તવિક લાગે છે. ભારતીય સમાજમાં અને કન્નડની આસપાસ ગૃહિણીઓની છબી દર્શાવતી આ નવલકથામાં સ્ત્રીઓને વ્યક્તિગત વિચારો, આત્મઓળખ કે અસ્મિતા સિવાયના જીવવાના (Survival) પ્રશ્નોની છણાવટ છે. ભારતી પરીખ કહે છે તેમઃ "ભારતીય નારીની અભિશપ્ત સ્થિતિની સુવાચ્ય નવલકથા 'ધરતી ખોળે પાછો વળે' બને છે."૫ આમ, આ નવલકથાના પાત્રો મોટા ભાગનો સ્ત્રી સમુદાય જે આઝાદી પહેલા અને આઝાદીની તુરંત બાદ ઘરકામમાં પરવાયેલો હતો, તે સમુદાયનાં પ્રશ્નોનું પ્રતિનિધિત્વ કરે છે. જેને કારણે આજના સમાજની ગૃહિણીઓની સમસ્યાઓ માટે પણ આ નવલકથા પ્રસ્તુત છે.

## ૧૧.૫ સંદર્ભ:

૧. ધરતી ખોળે પાછો વળે: એક નોંધ, શિરીષ પંચાલ; કંકાવટી; માર્ચ, ૧૯૯૯; પૃ.૨૭

૨. એજન; પૃ.૨૯

૩. ધરતી ખોળે પાછો વળે, ભારતી પરીખ, જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા- તારાશંકર બંદોપાધ્યાયથી રઘુવીર ચૌધરી સુધી, સંપાદક- ભરત મહેતા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પાર્શ્વ સંવર્ધિત પ્રથમ આવૃત્તિ, ૨૦૧૬; પૃ. ૬૪

૪. જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા- તારાશંકર બંદોપાધ્યાયથી રઘુવીર ચૌધરી સુધી, સંપાદક- ભરત મહેતા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પાર્શ્વ સંવર્ધિત પ્રથમ આવૃત્તિ, ૨૦૧૬; પૃ. ૧૫

૫. એજન; પૃ.૧૫